# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

બેઠક ક્રમાંક-૪/૨૦૧૪

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા. ૦૧/૧૨/૨૦૧૪ સમયઃ ૧૨:૦૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ**

**તા. ૦૧/૧૨/૨૦૧૪**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ત્રીજી મીટિંગ મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૪/૦૯/૨૦૧૪ને શુક્રવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા.કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. શ્રી મનોજભાઈ કોઠારી<br>સંયુક્ત સચિવશ્રી (ઉચ્ચશિક્ષણ) | સભ્યશ્રી | હાજર |
| ૩. | ગુજરાત સરકારના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪. | મા. શ્રી ડી.એમ.સોલંકી<br>સંયુક્ત શિક્ષણ | સભ્યશ્રી | હાજર |
| ૫. | મા. ડૉ. ઘનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા. શ્રી નીપાબેન મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૭. | મા. ડૉ. સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. ડૉ. મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯. | મા.શ્રી એમ.જી.વ્યાસ<br>(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર (I/C) | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | મા.શ્રી અમિત આઇ.જાની<br>(રજિસ્ટ્રારશ્રી(I/C) ) | સભ્ય સચિવશ્રી | હાજર |

- <u>આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.</u>

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૧/૧૨/૨૦૧૪ |
|---|---|

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

**બાબત ક્રમાંકઃ ૧** — **તા. ૦૪/૦૯/૨૦૧૪ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી મંજૂર કરવા બાબત. (બિડાણ-૧)**

**ઠરાવ ક્રમાંક- ૧** — તા. ૦૪/૦૯/૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહીને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

**બાબત ક્રમાંકઃ ૨** — ગાંધીનગર શહેરના છ-૫ સર્કલને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ તરીકે વિકસાવવા માટે આર્કિટેક્ચર લોટસ ગાર્ડનીંગને રૂ. ૧૫ લાખના ખર્ચ (અન્ય વેરા અલગથી) પાંચ વર્ષ માટે રૂ. ૭૨,૦૦૦/- નિભાવ ખર્ચ (ત્રણ મહિના) અને અન્ય શરતો સાથે મા. કુલપતિશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટની કલમ ૧૪ (૪) પ્રમાણે તાકીદથી આપેલું કામ જાણ સારુ મૂકવા બાબત.

**ઠરાવ ક્રમાંક- ૨** — ગાંધીનગર શહેરના છ-૫ સર્કલને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ તરીકે વિકસાવવા માટે આર્કિટેક્ચર લોટસ ગાર્ડનીંગને રૂ. ૧૫ લાખના ખર્ચ (અન્ય વેરા અલગથી) પાંચ વર્ષ માટે રૂ. ૭૨,૦૦૦/- નિભાવ ખર્ચ (ત્રણ મહિના) અને અન્ય શરતો સાથે મા. કુલપતિશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટની કલમ ૧૪ (૪) પ્રમાણે મા. કુલપતિશ્રી તાકીદથી લીધેલા પગલાંની નોંધ લેવામાં આવી.

**બાબત ક્રમાંકઃ 3** — **(VGGS) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં એજ્યુકેશન પેવેલિયન માટેના આનુષંગિક અંદાજિત ખર્ચ રૂ. ૧૨.૦૦ લાખ મંજૂર કરવા બાબત.**

**ઠરાવ ક્રમાંક- 3** — (VGGS) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં એજ્યુકેશન પેવેલિયન માટેના આનુષંગિક ખર્ચ ખર્ચ બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે એજ્યુકેશન પેવેલિયનના સ્ટોલ અને તેને સબંધિત કાર્યોના અંદાજિત ખર્ચ રૂ. ૧૨.૦૦ લાખને બદલે રૂ. ૧૫.૦૦ લાખ મંજૂર કરવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ ૪

**(VGGS) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં એજ્યુકેશન પેવેલિયનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટોલ બનાવવા અને ફિલ્મ નિર્માણની કામગીરી માટે ગુજરાત સરકારશ્રીના પત્ર ક્રમાંક : માહિતી/ફિ.પ્રો./પ્રદર્શન/એમપે/આરસી/૧૭૭૭ તા. ૧૭/૧૧/૨૦૧૪, માહિતી અને પ્રસારણ વિભાગના ઠરાવ ક્રમાંક :ફલમ/૧૦૨૦૦૮/ ૨૧૭૦/બ તા. ૦૮/૧૨/૨૦૦૮ અને ડૉ. ડી. એન. પઢિયાર, અધિક માહિતી નિયામકના પત્ર તા. ૧૨/૦૫/૨૦૦૫ મુજબ જે ભાવો અને એજન્સી નક્કી કરવામાં આવેલી છે. તે મુજબ "આઈડેન્ટીટી" એજન્સીને દસ્તાવેજી ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં ફિલ્મ નિર્માણ માટે રૂ. ૪,૪૯,૪૪૦/- (ગુજરાતી ભાષા માટે) તથા રૂ. ૮૪,૨૭૦/- (હિન્દી ભાષામાં ડબીંગ માટે) અને સ્ટોલ મેકીંગના રૂ. ૨,૮૩,૫૦૧/- મંજૂર કરવા બાબત. (બિડાણ-૨)**

ઠરાવ ક્રમાંક- ૪

(VGGS) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫માં એજ્યુકેશન પેવેલિયનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટોલ બનાવવા અને ફિલ્મ નિર્માણની કામગીરી માટે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ફિલ્મનું ગુજરાતી અને હિન્દી એમ બંને ભાષાને બદલે હિન્દી અને અંગ્રેજી ભાષામાં નિર્માણ કરવું. મા. એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી મનોજભાઈ કોઠારી, સંયુક્ત સચિવશ્રીના સૂચન મુજબ શિક્ષણ વિભાગ/KCG દ્વારા આ બાબતે જે કાર્યવાહી થાય તે મુજબ કાર્ય કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ ૫

**ગુજરાત સરકારના પત્ર ક્રમાંક : CHU/૨૦૧૭૪/૬૪૩૦૧૫/ખ તા. : ૧૨/૦૯/૨૦૧૪ મુજબ બિન શૈક્ષણિક કર્મચારીગણના સ્ટેચ્યુટ બનાવવા બાબત. (બિડાણ-૩)**

ઠરાવ ક્રમાંક- ૫

ગુજરાત સરકારના પત્ર ક્રમાંક : CHU/૨૦૧૭૪/૬૪૩૦૧૫/ખ તા. : ૧૨/૦૯/૨૦૧૪ મુજબ બિન શૈક્ષણિક કર્મચારીગણના સ્ટેચ્યુટ બનાવવા બાબતે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સમિતિ બનાવી બિનશૈક્ષણિક કર્મચારીગણના સ્ટેચ્યુટ બનાવી ફરી એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં મૂકવું. સમિતિના સભ્યોના નામ નક્કી કરવા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૦૧/૧૨/૨૦૧૪

**બાબત ક્રમાંકઃ ૬** **તા. ૦૫/૦૯/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ભાગ-૨-ગ-૪ મુજબના રોસ્ટર ક્રમાંકો તા. ૨૦/૦૯/૨૦૧૪ના રોજ મા. કુલપતિશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯ની કલમ-૧૪ (૪)થી મંજૂર કરેલા છે. તે જાણ સારુ મૂકવા બાબત.**

ઠરાવ ક્રમાંક- ૬ તા. ૦૫/૦૯/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૬૯૬-૮૭૮-ભાગ-૨-ગ-૪ મુજબના રોસ્ટર ક્રમાંકો તા. ૨૦/૦૯/૨૦૧૪ના રોજ મા. કુલપતિશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯ની કલમ-૧૪ (૪)થી મંજૂર કરેલા છે તેની નોંધ લેવામાં આવી.

**બાબત ક્રમાંકઃ ૭** **યુજીસીના પત્ર ક્રમાંક : ૧૪-૮/૨૦૧૪ (CPP-D) તા. ૨૯/૧૦/૨૦૧૪ જાણ સારુ તથા આવશ્યક ચર્ચા માટે મૂકવા બાબત. (બિડાણ-૪)**

ઠરાવ ક્રમાંક- ૭ યુજીસીના પત્ર ક્રમાંક : ૧૪-૮/૨૦૧૪ (CPP-D) તા. ૨૯/૧૦/૨૦૧૪ જાણ સારુ તથા આવશ્યક ચર્ચા માટે મૂકવા બાબતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી અને યુનિવર્સિટીના દરેક ફોર્મમાં જ્યાં જરૂરી હોય ત્યાં પુરુષ/સ્ત્રી તથા અન્યનું કોલમ જાતિ દર્શાવવાની જગ્યાએ ઉમેરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તારીખ : ૦૧/૧૨/૨૦૧૪
સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)